

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વ્હાલથી વટલાવ્યા હવે વચનોનો વલોપાત છે,*
*ટિકીટનું ધૂણે ભૂત, સૌને સત્તાનો સનેપાત છે*
*વજ્રઘાત છે નિષ્ઠુર - શિસ્ત, સેવા, સંગઠન પર -*
*લડખડાતી લોકશાહીમાં મૂલ્યોનો વિનિપાત છે*
*(ટિકીટ ક્ષેત્રે મહાભારત)*

હાઈકુ

*લોભી શિયાળો*
*ખાટી દ્રાક્ષ જોઈને -*
*પસ્તાય હવે...*

*સત્તા સમુદ્રે*
*ટિકીટ મંથનમાં -*
*નિકળ્યું ઝેર...*

### ચિંતન

*અવિશ્વસ્તેષુ વિશ્વાસો ન કર્તવ્ય ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

અપરીક્ષિત કે અપાત્રનો વિશ્વાસ ક્યારેક ના કરો.

જેની કસોટી કે પરીક્ષા ના લીધી હોય એવા માનવીનો અને કુપાત્રનો ક્યારેય વિશ્વાસ ના કરો. અણજાણ અને કુપાત્રનો વિશ્વાસ કરવાથી હંમેશા નુકશાન જ થાય છે. કુરાજા અને કુપાત્ર હંમેશા વિઘ્ન અને વિનાશના પ્રતિનિધિઓ હોય છે.

જેન આપણે પેઢીઓથી પરિચિત હોઈએ સંસ્કાર અને સંબંધોથી વાકેપ હોઈએ એવી વ્યક્તિ સાથે જ મૈત્રી-લગ્ન સંબંધો કે વહેવાર બાંધવા જોઈએ - નહીં ચિંતા ઉપાધિ - નૂકશાન - આપત્તિ નક્કી જ છે.

### સુવિચાર

- સદ્ગુણ અચળ છે ને તોફાનો પણ એને વિચલિત કરી શકતો નથી - **પાયથાગોરસ**
- માનવીના મનની સ્થિતિ નટ જેવી છે, ક્ષણમાં આનંદિત થઈ જાય તો ક્ષણમાં વિષાદગ્રસ્ત, ક્ષણમાં કઠોર તો ક્ષણમાં સૌમ્ય - **મનસ્મૃતિ**
- મરદના દીકરા થઈને, ન માલા ના બાપ પણ ન રહીએ - **કચ્છી કહેવત**
- સલાહ આપવી સારી વાત છે, પણ એથી યે વધુ સારી વાત ઉપાય આપવો તે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે પોતાની જાતને સમાજની સફાઈ માટે સાવરણી બનાવે
તેણે ધૂળની ફરિયાદ ન કરવી જોઈએ - **ડો. વિજળીવાળા**
- માણસ બીજાને જીતે તો જીત નહીં પોતાને જીતે તો જીત - **જેમ્સ રસેલ**
- આજનું ઔષધ : પાકું કેળું, ઘી અને સાકર સાથે લેવાથી લોહીવા મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

સુપ્રસિદ્ધ કલાગુરુ જામિની રોય આંતરરાષ્ટ્રીય સ્તરના કલાકાર હતા. પ્રસિદ્ધિ તથા ભપકાથી કાયમ તેઓ દૂર રહેતા. કોઈ પણ સન્માન સમારોહ કે ગોષ્ટિમાં એ ન જતા. ભાગ્યે જ કલકત્તાની બહાર જતા.

ભારત સરકારે એમનું વિશેષ સન્માન કરવા અધિકારીને દિલ્હીથી કલકત્તાની આવવા જવાની રેલ્વેની પ્રથમ શ્રેણીની ટિકીટ આપવા મોકલ્યા હતા. અધિકારીએ જામીની રોય ને કહ્યું, 'આપને ભારત સરકાર તરપથી સન્માન મળે છે જે સ્વીકારવા દિલ્હી જશો, આ રેલ્વેની ટિકીટ સ્વીકારશો, બાકીની બધી જ વ્યવસ્થા તથા ખર્ચ સરકાર ભોગવશે.'

જામીની રોયે કહ્યું, 'હું આવી પ્રસિદ્ધિથી દૂર જ સારો છું, અને સરકારને કહો રોય દિલ્હી નહીં આવે સન્માન ને કલકત્તા મોકલી શકાય તો સારું રહેશે.' અને ખરેખર સન્માન કલકત્તા આવ્યું.

# યુવા ત્રિપુટી માટે પ્રતિષ્ઠાનો જંગ

**તંત્રીસ્થાનેથી...**

ભારતી જનતા પાર્ટી અને કોંગ્રેસ - બેઉ માટે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહેલ છે. આથી છેક ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસો સુધી ઉમેદવારોની યાદીઓ રજૂ કરવામાં બેઉ પક્ષો ઓછીવત્તી મૂંઝવણ અનુભવી રહ્યા છે. સામો પક્ષ જે ઉમેદવાર મૂકે એને બરાબર ટક્કર આપી શકે એવા ઉમેદવારને મેદાનમાં ઉતારવાની નેમ સાથે બેઉ રાષ્ટ્રીય પક્ષો સંતાકૂકડી રમી રહ્યા હોય એવું વાતાવરણ સરજાવા પામ્યું છે. જોકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે ભારતીય જનતા પાર્ટીના ૭૦ ઉમેદવારોની પહેલી યાદી રજૂ કરી દઈને જાણે 'પહેલો ઘા રાણાનો' કહેવત સાર્થક કરી દીધી છે, તો સામા પક્ષે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને ચૂંટણી ઈનચાર્જ એઆઈસીસી જનરલ સેક્રેટરી તેમજ રાજસ્થાન પૂર્વ મુખ્યમંત્રી અશોક ગહલોતે પણ પાર્ટીનાં રાષ્ટ્રીય અધ્યક્ષ સોનિયા ગાંધીના નિવાસસ્થાને ચર્ચા વિચારણા કરી તમામ ૧૮૨ બેઠકોના ઉમેદવારોની યાદી તૈયાર કરી દીધી છે. પ્રશ્ન એ રહે છે કે ગુજરાતમાં કોંગ્રેસ રાજયના ભાજપી મુખ્યમંત્રી કે પ્રદેશ પ્રમુખ સામે નહીં બલકે ભાજપના સર્વેસર્વા એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સામે ચૂંટણી લડી રહેલ છે. આથી આ ચૂંટણી વિજય રૂપાણી વિરુદ્ધ ભરત સોલંકી કે શક્તિસિંહ ગોહિલની ન રહેતાં મોદી વિરુદ્ધ ભરતસિંહ સોલંકીની બની રહે છે ! ભાવનગર પશ્ચિમની જે બેઠક પર ભાજપના પ્રદેશ પ્રમુખ ચૂંટણી લડવાના છે એમની સામે કોંગ્રેસ એના સૌથી મોટા પ્રાદેશિક નેતા શક્તિસિંહ ગોહિલને મેદાનમાં ઉતારે એવી શક્યતા છે. આમ અહીં બેઉ પાર્ટીઓના મહારથીઓનાં પાણી મપાઈ જાય એવી સ્થિતિ સરજાવા પામી છે. કોંગ્રેસ માટે એની સાથે જોડાયેલી યુવા ત્રિપુટીને સાચવી લેવાની સમસ્યા પણ છે. હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર તથા જિજ્ઞેશ મેવાણીને સાથે રાખવા માટે કોંગ્રેસ અનેક મતવિસ્તારોમાં પોતાના વફાદાર કાર્યકરોને નારાજ કરવા પડે એમ છે. એ જ રીતે કોંગ્રેસ છોડીને ભાજપમાં ભળી ગયેલા ધારાસભ્યોને આપેલ વચન પાળવા માટે ભાજપની નેતાગીરીએ પોતાના જૂના જોગીઓને અન્યાય કરવો પડ્યો છે. વળી ભાજપના કેટલાક ચાલુ ધારાસભ્યો વિરુદ્ધ વ્યાપક જન આક્રોશ છતાં એક યા બીજા કારણસર એમને રિપીટ કરવા પડ્યા છે. ઘણી જગ્યાએ ભાજપની યાદી જાહેર થતાંની સાથે બળવો ફાટી નીકળ્યો છે. કોંગ્રેસમાં પણ યાદી જાહેર થશે ત્યારે આવી જ પ્રતિક્રિયાની શક્યતા નકારી શકાય એમ નથી. આ તમામ પ્રકારના વિરોધવંટોળ પાર કરી બેઉ પાર્ટીઓ પ્રચાર માટેનાં ટૂંકા ગાળા દરમિયાન ઘીના ઠામમાં ઘી પડે રહે એવો પ્રયાસ કરશે. 'સીડીઓ' બહાર પડતી રહેશે, એના આઘાત-પ્રત્યાઘાત આવતા રહેશે. આ બધા વચ્ચે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાના 'જનવિકલ્પ' વાળા ઉમેદવારો કે ડૉ. કનુ કળસરિયાના સદ્ભાવના મંચના ઉમેદવારો પણ ચૂંટણી જંગમાં ઊતરશે. આ ચૂંટણી જંગ શંકરસિંહ વાઘેલા માટે પણ પ્રતિષ્ઠાનો જંગ બની રહેશે, તો વળી યુવા ત્રિપુટી માટે પણ આ એમની શક્તિની પહેલી અને છેલ્લી કસોટી બની રહેશે. ક્યારેક ગુજરાતમાં ચૂંટણી લડી મોદી વિરુદ્ધ રાષ્ટ્રીય નેતા તરીકે ઊપસવા કૃતસંકલ્પ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને અહીં મોકળું મેદાન નથી મળી શક્યું તો રાષ્ટ્રવાદી કોંગ્રેસના નેતા પ્રફુલ્લ પટેલ માટે ગુજરાત શુકનિયાળ નીવડવાની શક્યતા નથી રહી. મુકાબલો તો મુખ્યત્વે બે રાષ્ટ્રીય પાર્ટી વચ્ચે જ રહેશે, એમાં શંકાને સ્થાન નથી.

# ચૂંટણીમાં જાહેરનામા ભંગ બદલના ગુન્હાની માહિતી

**ઉમેદવાર તથા રાજકિય પક્ષોએ પાલન કરવા માટેની આચાર સહિતા**



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

ચૂંટણીમાં શાતિ, સલમાતી તથા કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ પોલીસનું છે તે માટે શાંતિ ભંગ ના થાય તેવા યોગ્ય લાગે તે જાહેરનામાં અશાંત વિસ્તારમાં તથા ઉમેદવારોએ કેવી રીતે વર્તન કરવું તે અંગે જીલ્લા પોલીસ વડા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તથા જરૂર પડે તો ચૂંટણી કમિશ્નર આચાર સહિતા બહાર પાડી તેના પાલન માટે જાહેરનામા બહાર પાડે છે જેનું જનતા તથા ચૂંટણીના ઉમેદવારોએ, નેતાઓએ પક્ષના વડાએ ચુસ્તપણે પાલન કરવાનું હોય છે. જાહેરનામા ભંગ બદલ ચૂંટણી કમિશ્નરે જે અધિકારીઓને ફરજ સોંપેલ હોય તેવા પોલીસ અધિકારી સહિત ફરીયાદ કરી શકે છે, ધરપડક કરી નામદાર કોર્ટમાં રજુ કરી શકે છે. નામદાર કોર્ટ જામી ઉપર છોડવા જરૂરી શરતોનુસાર હુકમ કરે છે પરંતુ મંદ ગતિએ ચાલતા અંગ્રેજ સમયના કાયદામાં સુધારો તથા સમય માંગી લે તેમ છે. જાહેરનામા ભંગની આવી ૩૦૦૦ જેટલી ફરીયાદો નામદાર કોર્ટમાં પુરાવા, સાક્ષીના અભાવે કાઢી નાંખવા માટે નીચલી કોર્ટના જજને આદેશ કરેલ છે.

હાલના સંજોગોમાં પોલીસે જાહેરનામા ભંગની ફરીયાદો નોંધવાનું બંધ કરેલ છે જેને ખાતાના વડાએ બહાર પાડેલ જાહેરનામાનું પાલન ના કરે તેને ખાતાના અધિકારીઓ જ ફરીયાદી બની નામદાર કોર્ટમાં રજુ કરે છે આવી કાયદાકિય ફરીયાદો નોંધવાનું પોલીસે બંધ કરતા આ કાયદાકીય મર્યાદાની અસર હવે ચૂંટણીમાં જોવા મળે છે.

ચૂંટણીમાં સામાન્ય દેખાતી પણ કાયદો-વ્યવસ્થાની દ્રષ્ટીએ મહત્વની બાબતો માટે જાહેરનામા બહાર પાડી નહિ શકાય તો કાયદો વ્યવસ્થા પોલીસ કેવી રીતે જાળવશે બધી જગ્યાએ ચૂંટણી પંચના અધિકારીઓ ઓબ્ઝર્વરો પહોંચી શકવાના નથી.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૫(૧) ની જોગવાઈ મુજબ જાહેર સેવકના હુકમનો ભંગ થયાનું જણાય તો જાહેર સેવક તરફથી સબંધીત કોર્ટમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હોય તે સીવાય કોઈપણ કોર્ટ દ્વારા કલમ ૧૮૮ ના ગુન્હાનું કોગ્નીઝન લઈ શકાતું નથી. કલમ ૧૮૮ મુજબનો ગુન્હો પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવતો નથી હુકમ બહાર પાડનાર અધિકારી કે જાહેર સેવકે જાતે જ સબંધીત હુકમ ધરાવતી અદાલતમાં લેખીત ફરીયાદ દાખલ કરવાની હોય છે.

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૮૮ મુજબની ફોજદારી પ્રક્રિયા શરૂ કરવા માટે કોઈપણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવાની કાર્યવાહી નિરર્થક બાબત હોવાની કાયદાકિય જોગવાઈની નોંધ રાખવા જણાવવામાં આવે છે તેથી જાહેરનામા બહાર પડે અને તેનો ભંગ થાય તો ફરીયાદ સીધી જ કોર્ટમાં આરોપી વિરૂધ્ધ તેમજ જાહેરનામું ભંગ કરનાર સામે સબંધીત અધિકારી દ્વારા જ દાખલ કરવામાં આવશે.

હવે પ્રશ્ન એ થાય છે કે જાહેરનામાનો વિકલ્પ શું?

મતદારોને ઉમેદવારો કે તેના સમર્થકો દ્વારા રાવ રંજાડ કરવાની સામે થતી કાર્યવાહી ઉમેદવારો અને પક્ષો દ્વારા સવારે ૬ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી જ લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાની પરવાનગી છે ત્યારબાદ લાઉડસ્પીકર દ્વારા પ્રચાર કરવામાં આવશે તો ગુન્હેગાર સામે જાહેરનામા ભંગની ફરીયાદ સબંધીત અધિકારી કોર્ટમાં દાખલ કરી પરવાનગી મેળવી મુદ્દામાલ જપ્ત પણ કરી શકે છે .

પ્રચાર પ્રસાર દરમ્યાન માન્ય ઉમેદવાર તથા તેના પક્ષના ૧૦ થી વધુ વાહનો રાખી શકાય નહિ અને જો ૧૦ થી વધારે વાહનો રાખી રેલી યોજે તો અટકાવી વહાન જપ્ત કરી શકે છે .

ચૂંટણી દરમ્યાન દારૂ તથા નશાયુક્ત પદાર્થ વેચાણ તથા આપ-લે સામે તથા લોભ લાલચ કે કેશ વહેંચવા સામે પ્રતિબંધ છે. સામાન્ય કરતા વધારે રોકડની હેરાફેરી કરવા ઉપર પણ પ્રતિબંધ છે.

મતદારોની વ્યવસ્થા જાળવવા ઉભા કરવામાં આવતા મંડપ, પંડાલ, ટેબલોની સંખ્યા પણ ૨ જ રાખી શકાય અને એ પણ મથદાન મથકથી ૨૦૦ મીટર દૂર. કોઈપણ સંસ્થાની જાહેર મીલ્કત કે કોઈની વ્યક્તિગત મીલ્કતમાં પરવાનગી સીવાય જાહેરાત, પેમ્ફલેટ કે બેનર

**અનુસંધાન પાના નં. ૫ પર**

# બાળકને નિર્ભયતા શીખવવી જોઈએ : વિનોભા ભાવે



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

અંતર મમ વિકસિત કરો,
જાગૃત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ નિઃસંશય કરો હે.

દરેક વ્યક્તિને કોઈને કોઈ પ્રકારનો છાનો ભય હોય છે. આ ભય વ્યક્તિને અમુક બાબતો કરતાં અટકાવે છે. ઈશ્વરનો ભય કે મા-બાપનો ભય કે વડીલોનો ભય આપણને ખોટા માર્ગે જતો અટકાવે છે. પણ અમુક ભય એ પ્રકારના હોય છે કે જેનાથી વ્યક્તિ અજાણતા જ એ ભયના ઓથાર હેઠળ કોઈનો ગુલામ બની બેસે છે. જો કે, ભય કયારેક અમુક માનસિક રોગ સાથે સંકળાયેલું પરિબળ પણ હોઈ શકે. પણ આ પ્રકારના ભયના બીજ બાળકના મનમાં ખૂબ નાની ઉંમરથી રોપવામાં આવ્યા હોય છે.

એક માણસને રાક્ષસ ઉપાડી ગયો. પછી તેની પાસે ખૂબ ખૂબ કામ કરાવે. આરામનું તો નામ જ નહીં. જરા ચૂં કે ચા કરે કે રાક્ષસ ધમકી આપે, કે તને ખાઈ જઈશ.

આખરે પેલા માણસે વિચાર્યું કે આવું તો કયા સુધી ચાલે ? એટલે એક દિવસ એણે કહી પાડ્યું કે, જા કામ નથી કરવાનો; તારે મને ખાવો હોય તો ખાઈ જા !

પણ રાક્ષસે કાંઈ એને ખાધો-બાધો નહીં, કેમ કે એકવાર એને ખાઈ જાય તો પછી રાક્ષસનું કામ કોણ કરે? પછી માણસમાં વધુ હિંમત આવી. એણે કહ્યું કે, વગર મજૂરીએ કામ નહીં કરું. તો રાક્ષસ મજૂરી પણ આપવા લાગ્યો.

આમ, આપણામાં જો ખોટું નહિ જ ચલાવી લેવામાં આવે તેમ બોલવાની શક્તિ આવે તો આપણે નિર્ભયપણે જે કહેવું હોય તે કહી શકીએ. પણ હા, અલબત્ત તેના માટે પછી મરવું પડે તો પણ પીછેહઠ નહિ જ કરવી એવું દૃઢ મનોબળ અને એવી હિંમત હોવી જોઈએ. ઘણીવાર કોઈ સાવ નજીવા એવા ભયથી ડરીને આપણે 'ના' નહિ કહી શકવાને કારણે ખૂબ હેરાન થતા હોઈએ છીએ.

વિનોબા ભાવે લખે છે કે,

''બાળકને નિર્ભયતા શીખવવી જોઈએ. તેને બદલે આજે તો માબાપ બાળકોને માર મારીને ધાક બેસાડવા પ્રયત્ન કરે છે. તેનાથી છોકરા ડરપોક બને છે. છોકરો નિશાળે નથી જતો. બે-ત્રણ વાર સમજાવ્યો છતાં ન માન્યો, એટલે તેને માર્યો. પેલો ડરતો ડરતો નિશાળે જવા લાગ્યો. તે નિયમિતતા શીખ્યો, પણ તેણે નિર્ભયતા ખોઈ. એક રૂપિયો મેળવ્યો અને સાટામાં સો રૂપિયા ખોયા! અને પેલી નિયમિતતા પણ પાકી થોડી જ થઈ ? પિતાજી ગયા, કે અનિયમિત વહેવાર શરૂ થયો. હજારો મા-બાપો મારી મારીને છોકરાને ડરપોક બનાવે છે. પછી જુલ્મી લોકો આ ડરપોકપણાનો લાભ ઉઠાવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે માતામાં આટલી બધી શ્રદ્ધા રાખનારા,મા જે કહે તે માની લેનારા-મા ચાંદો કહે ચાંદો અને સૂરજ કહે તો સૂરજ - એવા છોકરાને મારપીટ કરવાનો વારો આવ્યો ! આનો અર્થ એ કે તે મા બાપોની નાલાયકી છે.

બાળકોને મારપીટ ન કરવી જોઈએ. બલ્કે એને તો એમ શીખવવું જોઈએ કે, કોઈ ડર બતાવીને કે મારપીટ કરીને તારી પાસે કંઈ કરાવવા માંગે, તો હરગીજ તેમ ન કરતો ! આવી તાકાત દેશનાં બાળકોમાં, નવજવાનોમાં આવશે ત્યારે દેશની શક્તિ વધશે.''

આપણે અમુક પ્રકારની રૂઢિગત માન્યતાઓ અને પરંપરાઓના બોજ નીચે કંઈક એ પ્રકારે ફસાયા છીએ કે તેમાંથી બહાર આવવાનો વિચાર સુધ્ધાં કરી શકતા નથી. આ પ્રકારની રૂઢિઓ આપણા મનમાં રહેતા 'ભય'નું પોષણ કરીને તેણે ઉત્તરોત્તર દૃઢ અને વધુ દૃઢ બનાવ્યા કરે છે. કોઈ પણ કામ જો મુક્ત મને કોઈ પણ પ્રકારના ભય વિના કરવામાં આવે તો તે પોતાનું આગવું સ્વરુપ વ્યક્ત કરી શકે છે. આપણો આ છાનો ભય જ આપણને અમુક બાબતો અયોગ્ય હોવા છતાં તેનો સ્પષ્ટપણે વિરોધ કરતા અટકાવે છે.

વાસ્તવિક જીવનમાં દરેક વ્યક્તિને સ્વભાવિક રીતે જ નાની નાની અસફળતાઓ ને નિરાશાઓનો સામનો કરવાનો આવે છે. પણ અમુક લોકો એ અસફળતા અને નિરાશાથી ડરીને આજીવન હારી બેસે છે અને એ નિષ્ફળતાના ગુલામ બની બેસે છે. જયારે અમુક લોકો એ નિરાશાને પણ સંયમપૂર્વક નિભાવી લે છે. બાળકને નાનપણથી જ જો કોઈ વસ્તુ ન આપવા પાછળનું કારણ કે કોઈ કામ કરતા અટકાવીએ ત્યારે તેનું સચ્ચાઈપૂર્વકનું કારણ અને તટસ્થ ખુલાસો કરવામાં આવે તો બાળકને કોઈ પ્રકારનો ભય ન રહે. ચીનુભાઈ શાહ લખે છે તેમ,

'બાળકને એવી સ્વતંત્રતા ન આપીએ કે એ નાનો સરખો સરમુખત્યાર બને અને બીજા કોઈને વિચાર ન કરે. માબાપના વિશેષ સામર્થ્ય વિશે તેમજ માબાપના આત્મસંયમ માટે, તેમની નૈતિક શક્તિ માટે બાળકને માન થવું જોઈએ; એ બધાં પર શ્રદ્ધા રાખીને પોતે નિર્ભયતાપૂર્વક અને આનંદપૂર્વક જીવન જીવી શકશે, તેવી પ્રતીતિ તેને થવી જોઈએ.'

સ્વતંત્રતાથી બાળક પોતાની અંદરનાં સારાં તત્ત્વોને વિકસાવે છે, અને પરિણામે પોતાના માબાપ પ્રસન્નતા અનુભવે છે, તેમાં તેમનો પૂરેપૂરો ટેકો છે તે બાળક જુએ છે. સાથે સાથે તેને એવો વિશ્વાસ પણ હોય છે કે પોતે કોઈ ભૂલ કરશે તો તેને રોકનાર કોઈક છે. અને આવી લાગણી મોટા બાળકને જ નહિ આપણને સૌને કેટલી સલામતી આપે છે ! સવારે ઘડિયાળનું એલાર્મ વાગશે, આપણને જગાડશે - એવી જયારે ખાતરી હોય ત્યારે આપણે નિરાંતે સૂઈ જઈ શકીએ છીએ ! આપણને સૌને એવી કોઈ વ્યક્તિની જરૂર હોય છે કે જે ભૂલો કરવાથી આપણને બચાવે છે અને તેના પર આધાર રાખીને નિર્ભય બની શકીએ છીએ, સલામતી અનુભવી શકીએ છીએ!

**Last Seen**

'પરમાત્મા,
અમને પણ એવા મૈત્રીભાવથી ભરી દે કે,
અમારી ઊણપો, નબળાઈઓ, ભૂલો દૂર કરવાના
અને સાત્ત્વિકતા, સત્યનિષ્ઠા, નિર્ભયતા
વધારવાના પ્રયત્નોમાં અમે એકમેકને સક્રિય સાથ આપીએ.'

- કુન્દનિકા કાપડીયા 'પરમ સમીપે'

- nehalgadhavi101@gmail.com

# પૂર્ણ બહુમતના જયઘોષ છતાં પ્રચારમાં રઘવાટ-દર્શન



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

વિકાસને ડાહ્યો કે ગાંડો થવાનો મુદ્દો અંતે તો પક્ષપલટાના પારસમણિ અને સૅક્સ સીડી સુધી લંબાઈ ગયો. ગુજરાત વિધાનસભાની ૯ અને ૧૪ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીમાં વિજયશ્રી છેલ્લા બે દાયકાથી લાગલગાટ ગુજરાતમાં રાજ કરતા ભારતીય જનતા પક્ષના ગળામાં જ માળા આરોપવાની હોવાના સવાર-સાંજ દાવા થાય છે. આમ છતાં કૉંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને રાજ્યના ચાર પ્રદેશોમાં ચાર તબક્કા દરમિયાનના પ્રવાસમાં જે પ્રતિસાદ મળ્યો એનાથી સત્તારૂઢ પક્ષમાં

- **રાહુલ ગાંધીને મળેલા જનપ્રતિસાદને જોતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિક્રમી સભાઓ સંબોધશે**
- **અપેક્ષિત હતું એમજ ચૂંટણી નજીક આવતાં પક્ષાંતર અને સૅક્સ સીડીના પરપોટા ફૂટી જ નીકળ્યા**
- **આંદોલનત્રિપુટી કે ચોકડીને ન્યૂસંસ ગણવાનારાઓએ આંદોલનકારીઓને ભાવ આપવા દોટ મૂકી**
- **વિકાસનો ડાહ્યો કે ગાંડો મુદ્દો હવાઈ ગયો, વિકાસવાદની સામે સત્તાપક્ષનો ફાટફાટ થતો વંશવાદ**

સન્નિપાત સ્પષ્ટ જોવા મળે છે. વિજયની ખાતરી જ હોય તો પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સતત દિવસો લગી ધામા નાખીને ગુજરાતમાં હડિયમદોટ્યા ના કરવી પડત. વડા પ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યપ્રધાન હતા ત્યારે એમણે લડેલી ત્રણ વિધાનસભાની ચૂંટણીઓમાં પણ જેટલી આક્રમકતા દાખવીને રાજ્યના ખૂણે ખૂણે દોટ્ય મૂકી નહોતી, એ કરતાં પણ વધુ દોડંદોડ એમણે વડા પ્રધાનપદે પહોંચ્યા પછી ગુજરાત વિધાનસભાની ડિસેમ્બર-૧૭ની ચૂંટણી માટે કરવી પડે છે. વરસ દરમિયાન એમણે વારંવાર ગુજરાત આવવું પડયું, ગુજરાતની નેતાગીરીને શીખ ભલામણ કરવી પડી.સાવ જ ન્યૂસંસ ગણી નાખવામાં આવેલી આંદોલનત્રિપુટીએ ગુજરાતમાં સ્થિતિ એવી નિર્માણ કરી છે કે રાજ્યના મુખ્યપ્રધાન બદલવાની પક્ષને ફરજ પડી હતી. શ્રીમતી આનંદીબહેન પટેલે પાટીદાર અનામત આંદોલનને પગલે ઘરભેગા થવું પડ્યું. નવા મુખ્યપ્રધાન તરીકે સર્વમિત્ર મનાતા વિજય રૂપાણીને મૂકવામાં આવ્યા. નાયબ મુખ્યપ્રધાન તરીકે નીતિન પટેલને ''દરવાજાના ઊંટ''ની સ્થિતિમાં જોવા મળ્યા. એમના માટે બાવાના બેય બગડવા જેવા સંજોગો સર્જાયા છતાં આનંદીબહેનની જેમ મનને મારીને પક્ષમાં રહેવાનું કબૂલ કરવાના ફાયદા એ સુપેરે જાણે છે. હમણાં કેન્દ્રમાં નાણાં અને વિદેશ મંત્રી રહેલા ૮૦ વર્ષીય ભાજપી નેતા યશવંત સિન્હાએ અમદાવાદના ભાષણમાં ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી સંસદીય લોકશાહીમાં વિપક્ષની ભૂમિકાને કેટલું મહત્વ આપતા હતા, એની વાત કરી. જોકે સુરતમાં રાહુલ ગાંધી કે સચિન પાયલટ વેપારીઓને મળવા અથવા પ્રચાર માટે આવે ત્યારે એમની મુલાકાતોને ખોરવવાના જે રીતે પ્રયાસો થતા જોઈએ,ત્યારે સંસદીય લોકશાહીમાં વિરોધી અવાજને રૂંધવાના કેવા પ્રયાસ થાય છે; એનાં વરવાં દર્શન થયા વિના રહેતાં નથી.

રાહુલ ગાંધીએ તો હજુ સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતની નવસર્જન યાત્રાનો પહેલો તબક્કો જ પૂરો કર્યો હતો. વડા પ્રધાન મોદી અને એમના પ્રધાનો-પક્ષનેતા ગુજરાતમાં ધામા નાંખીને આ વખતની ચૂંટણી જીતી લોકસભા ૨૦૧૯માં ફત્તેહ કરવા માંગે છે. કૉંગ્રેસ પક્ષને બેઠો કરવા પ્રયત્નશીલ રાહુલ ગાંધીની નેતાગીરી અને કૉંગ્રેસને કાયમ માટે ભોંયમાં ધરબી દેવા કૃતસંકલ્પ ભાજપની આ વખતે અગ્નિપરીક્ષા છે. જોકે, ભાજપ થકી '૧૫૦ પ્લસ'નું મિશન સાકાર થવાની શક્યતા નથી, છતાં કોઈપણ ભોગે સરકાર રચવાની અનિવાર્યતાએ મોદી સેનાને ઘાંઘી કરી મૂકી છે. હાર્દિક પટેલના નેતૃત્વમાં પાટીદાર અનામત આંદોલન, અલ્પેશ ઠાકોરના નેતૃત્વમાં ઓબીસી આંદોલન અને જિજ્ઞેશ મેવાણીના નેતૃત્વમાં દલિત આંદોલન ચાલી રહ્યા છતાં સમાજમાં કોઈ અથડામણો સર્જાઈ નથી, એ સમજદારી આ યુવાત્રિપુટી થકી જાળવવામાં આવી છે. આમ છતાં એમને કપાળે નક્સલવાદીનાં લેબલ લગાડવાની કુચેષ્ટાઓ કે તેમનાં પૂતળાં બાળવાની વૃત્તિ-પ્રવૃત્તિ સાથે જ ''પુષ્ટિ નહીં થતી હોવા'' છતાં મીડિયામાં ખૂબ ચમકાવાયેલી હાર્દિક પટેલની કથિત સૅક્સ સીડીના સહારે કૉંગ્રેસ અને હાર્દિકનું મારણ કરવાનો ખેલ પણ હજુ સફળ થતો લાગતો નથી એટલે આવતા દિવસોમાં બીજી કરામતો અને જાદુગરી જોવા મળશે. પ્રવીણ રામ નામક યુવા અગ્રણી પણ ધ્યાન ખેંચે છે. યુવા નેતાગીરીને પાડી દેવા આવી કવાયતોમાં વિવિધ સમાજને ઉશ્કેરવાનું નિમિત્ત પૂરું પાડવાની હીનવૃત્તિનાં દર્શન થાય છે. અપેક્ષા કરીએ કે ચૂંટણી સુધી જ નહીં, એ પછી પણ રાજ્યમાં સામાજિક ટકરાવ કે અથડામણો સર્જાય નહીં એટલી સાવધાની ચૂંટણી પંચ અને સરકાર જરૂર રાખશે.

વિધાનસભાની ચૂંટણી આડે માંડ એકાદ પખવાડિયું રહ્યા છતાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાને એક યા બીજા કારણસર પાછી ધકેલવાની વૃત્તિ ભાજપ અને કૉંગ્રેસ બેઉમાં સકારણ જોવા મળે છે. જે પક્ષ વહેલા ઉમેદવાર જાહેર કરે એમને ફોડવા કે એમના નામની જાહેરાતથી નારાજ ઉમેદવારોને પોતીકા કરવાની કવાયત આદરવા બેઉ પક્ષ આતુર છે. ભાજપના મુખ્યાલય 'શ્રી કમલમ્' કે કૉંગ્રેસના મુખ્યાલય 'રાજીવ ગાંધી ભવન'માં ધમાધમ ચાલી રહી છે. ઉમેદવારોની યાદીને અંતિમ સ્વરૂપ આપવા માટે સંસદીય મંડળની બેઠકો દિલ્હી ખાતે ચાલતી રહે છે.. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ શાહની ઉપસ્થિતિમાં દિવસો સુધી ઉમેદવારોનાં નામો પર ચર્ચા કરીને પેનલો તૈયાર કરાયા પછી વડા પ્રધાન સહિતના મહાનુભાવોની હાજરીમાં એને આખરી ઓપ આપીને નામાવલિ જાહેર થવાની સ્વાભાવિક પ્રક્રિયા પૂર્ણ કરવાની રહે છે. કૉંગ્રેસના મોવડીમંડળે પણ પક્ષનાં અધ્યક્ષા સોનિયા ગાંધીનું મત્તું મરાવવું પડે એવું છે.

ભૂતકાળની ચૂંટણીઓથી વિપરીત આ વખતે રાહુલ ગાંધીએ કૉંગ્રેસની સઘળી પ્રક્રિયા પોતાના હાથમાં રાખી હોવાથી અગાઉની જેમ અહેમદ પટેલ કે પ્રદેશપ્રમુખ ભરતસિંહ સોલંકી થકી કૂલડીમાં ગોળ ભાંગવાની સ્થિતિ સર્જાવાની નથી. આ વખતે કૉંગ્રેસમાંથી તોડી લવાયેલા અને ભાજપી

**અનુસંધાન પાના નં. ૫ પર**